## જન્મદિને વધામણી



જિજ્ઞાસા પંકજકુમાર રત્નોત્તર
મો. ૯૭૩૭૧૧૮૩૬૮



બી જે જોષી
સિનિયર સિટિઝન
મો. ૯૯૨૪૩ ૩૫૮૨૨



અનિલાબેન અક્ષયભાઈ રાણા
મો. ૯૭૨૨૫ ૯૯૯૯૦

# રાજ્યકક્ષાની વૉલીબૉલ સ્પર્ધામાં આર જી કન્યા શાળા ઝળકી

ગાંધીનગર, તા. ૨૨

આણંદમાં ડી એન હાઈસ્કૂલ ખાતે આયોજિત રાજ્યકક્ષાની વૉલીબૉલ સ્પર્ધામાં ગાંધીનગરની શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાની પાંચ વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ સુંદર રમતનું પ્રદર્શન કર્યું હતું.

જામનગર એક્સેલન્સ સિટી સામે રમાયેલી બે સ્પર્ધાઓમાં ઝીલ સંજયભાઈ રાવલ, માનસી સુનિલભાઈ ઠાકોર, જહાન્વી તુષારકુમાર બારોટ, ધૃતિ કનુભાઈ બરંડા અને વાગ્મિ ચાણક્ય જોષીની ટીમે પ્રથમ તથા કચ્છ સામે રમાયેલી સ્પર્ધામાં દ્વિતિય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. વિદ્યાર્થીનીઓને શાળાના વ્યાયામ શિક્ષક હાર્દિકભાઈ પટેલનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

શાળાનું ગૌરવ વધારનાર આ સફળ વિદ્યાર્થીનીઓને શાળા પરિવાર તરફથી બિરદાવી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# શ્રી અરવિંદના જન્મદિને નિબંધસ્પર્ધા યોજાઈ

## આર જી પટેલ સ્કૂલની બે વિદ્યાર્થીનીઓએ ઈનામ પ્રાપ્ત કર્યા

ગાંધીનગર, તા. ૨૨

મહર્ષિ શ્રી અરવિંદના ૧૪૩મા જન્મદિન નિમિત્તે સૅક્ટર-૨૩ ખાતે કાર્યરત શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે એક નિબંધસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

'અમને શ્રી અરવિંદની વાત કહો' વિષયક આ નિબંધ સ્પર્ધામાં શ્રીમતી આર જી પટેલ માધ્યમિક અને શ્રીમતી ઍસ બી પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળામાં ધોરણ-૯થી ૧૨માં અભ્યાસ કરતી પચીસ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જે પૈકી ધોરણ ૧૦એની વિદ્યાર્થીની નિકી વિનોદભાઈ પાઠકે દ્વિતિય અને મનિષા આર ઝાલાએ ચોથો ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.

બંને વિદ્યાર્થીનીઓને અનુક્રમે રૂા. ૨૫૦ અને રૂા. ૧૦૦ રોકડ ઈનામ સ્વરૂપે આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત સ્પર્ધામાં ભાગ લેનારા સૌ સ્પર્ધકોને કેન્દ્ર દ્વારા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

સ્પર્ધા માટે વિદ્યાર્થીનીઓને આચાર્યા સુધાબેન પી પટેલના માર્ગદર્શનમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગના કમલેશભાઈ શર્મા અને માધ્યમિક વિભાગનાં મંજુલાબેન ડોડિયાની દોરવણી પ્રાપ્ત થઈ હતી.

# આર સી પટેલ સ્કૂલનો નવો પ્રયોગ

## વિદ્યાર્થીઓને વૃક્ષો દત્તક અપાયાં





ગાંધીનગર, તા. ૨૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને ગાંધીનગર સ્થિત શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ દ્વારા તાજેતરમાં એક વિશિષ્ટ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જે અંતર્ગત ન માત્ર વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું, પણ વિદ્યાર્થીઓને વૃક્ષો દત્તક લેવા માટે પણ પ્રેરવામાં આવ્યા હતા.

ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર સંજય ત્રિવેદીના માર્ગદર્શનમાં ૭૦ જેટલાં વૃક્ષો ઍનઍસઍસ સ્વયં-સેવકોને દત્તક આપવામાં આવ્યાં હતાં અને આ રીતે આ વૃક્ષો વાવવાની, ઉછેરવાની અને સાચવવાની જવાબદારી પણ આ જ સ્વયંસેવકોને સોંપવામાં આવી હતી. આ માટે પ્રોગ્રામ ઑફિસર દ્વારા તેમને સોગંદ પણ લેવડાવવામાં આવ્યા હતા.

આ ઉપરાંત સ્વયંસેવકોએ લીમડો, આસોપાલવ, સરગવો, સપ્તપદી, બોરસલ્લી, કણજી, કપોક, ખાખરો, કાસીદ અને ગુલમહોર જેવાં ૫૫ વૃક્ષોનું આરોપણ કર્યું હતું. સર્વ વિદ્યાલય પરિસરની બહાર તથા બગીચાની આસપાસ આ વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે કૅમ્પસ ડિરેક્ટર સોમાભાઈ પટેલ તથા સ્કૂલના આચાર્યએ ઉપસ્થિત રહી સમાજસેવી સ્વયંસેવકોને પ્રોત્સાહિત કર્યા હતા.

# સંપૂર્ણ સ્વાસ્થ્ય કાર્યક્રમ ૨૫થી ૨૭ સપ્ટેમ્બરે

ગાંધીનગર, તા. ૨૨

પૂ. તાવરિયાજી નિર્દિષ્ટ લયબધ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય (શારીરિક, માનસિક, આધ્યાત્મિક) માટે દર માસે યોજાતો નિઃશુલ્ક કાર્યક્રમ આગામી તા. ૨૫, ૨૬ અને ૨૭ સપ્ટેમ્બરના રોજ સવારે ૮ કલાકે બેઝમૅન્ટ હૉલ, બલરામ મંદિર, સૅક્ટર-૧૨ ખાતે યોજવામાં આવ્યો છે. સંપૂર્ણ સ્વાસ્થ્ય અર્થે આ કાર્યક્રમનો લાભ લેવા સર્વ નગરજનો, સ્વાસ્થ્યપ્રેમીઓને તાવરિયાજી ગૃપ દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સૅક્ટર-૬ના ગણેશ મહોત્સવમાં જાદુગર



શ્રી ભુવનેશ્વરી યુવક મંડળ અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા દ્વારા શ્રી ભુવનેશ્વરી મંદિર, સૅક્ટર-૬ ખાતે આયોજિત ગણેશ મહોત્સવના સાંસ્કૃતિક કાર્યક્રમમાં સોમવારે રાત્રે અમદાવાદના ખ્યાત જાદુગર નિલેશ મિસ્ત્રીએ પોતાનો જાદુકસબ બતાવીને પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતાં. કાર્યક્રમ દરમ્યાન પ્રેક્ષકોને પણ જાદુના વિવિધ ખેલમાં સામેલ કરી તેમણે અંત સુધી પ્રેક્ષકોનો રસ જાળવી રાખ્યો હતો. **(તસવીર : કશ્યપ નિમાવત)**

# ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ ટીચર ઍજ્યુકેશનના યુવક મહોત્સવનો ટાઉનહૉલ ખાતે પ્રારંભ

INDIAN INSTITUTE OF TEACHER EDUCATION

## મંગળવારે ફાઈન આર્ટ્સ, લિટરેચરની સ્પર્ધાઓ બાદ આજે થિયેટર અને ડાન્સની સ્પર્ધાઓ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર ખાતે કાર્યરત ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ ટીચર ઍજ્યુકેશન - આઈઆઈટીઈના યુવક મહોત્સવનો આરંભ આજથી ગાંધીનગર ટાઉનહૉલ ખાતે કરવામાં આવ્યો છે, જે આવતીકાલ સાંજ સુધી ચાલશે.

સંસ્થાના યુવક મહોત્સવમાં દર વર્ષે વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ભાગ લે છે, જે ક્રમ આ વખતે પણ જળવાયો છે. સંસ્થામાં હાલ ૩૨૬ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે, જે પૈકી ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ યુવક મહોત્સવ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ રહ્યા છે.

૨૦ જેટલી સ્પર્ધાઓ આ યુવક મહોત્સવ અંતર્ગત યોજાઈ રહી છે, જે પૈકી ફાઈન આર્ટ્સ અને લિટરેચરની ૧૦ સ્પર્ધાઓ આજે યોજાઈ ગઈ છે. થિયેટર અને ડાન્સની ૧૦ સ્પર્ધાઓ આવતીકાલે યોજાઈ રહી છે.

સવારે ૮ કલાકે માઈમની સ્પર્ધા બાદ આવતીકાલે સવારે ૯ કલાકે યુવક મહોત્સવનો ઉદ્ઘાટન કાર્યક્રમ યોજવામાં આવ્યો છે, જેમાં અતિથિ તરીકે અમદાવાદનાં ખ્યાત નૃત્યાંગના ઈલાક્ષીબેન ઠાકોર અને તેમના પુત્ર ચંદન ઠાકોર ઉપસ્થિત રહેશે.

# ડભોડા ઍમ ઍચ વિદ્યામંદિર ઍથ્લેટીક્સ સ્પર્ધામાં મોખરે

ગાંધીનગર, તા. ૨૨

શ્રી ઍમ ઍચ વિદ્યામંદિર, ડભોડાના વિદ્યાર્થીઓએ જિલ્લા ઍથ્લેટીક્સ સ્પર્ધામાં ભાગ લઈને મોખરાનું સ્થાન મેળવ્યું છે.

અન્ડર-૧૪ વિભાગ અંતર્ગત ૬૦૦ મીટર દોડમાં સીમા સોલંકી પ્રથમ, લાંબીકૂદમાં અજય પરમાર પ્રથમ, ઉંચી કૂદમાં આરતી પરમાર પ્રથમ, અન્ડર-૧૭ વિભાગમાં ઉંચી કૂદમાં અલકા પરમાર પ્રથમ, ૪૦૦ મીટર દોડમાં અંજના ડામોર પ્રથમ, ૮૦૦ મીટર દોડમાં કિંજલ સોલંકી પ્રથમ, ૧૫૦૦ મીટર દોડમાં જાનકી ઠાકોર પ્રથમ, અન્ડર-૧૯ વિભાગમાં ૮૦૦ મીટર દોડમાં વસંત પરમાર પ્રથમ, લાંબીકૂદમાં મેહુલ દંતાણી પ્રથમ અને ચક્રફેંક સ્પર્ધામાં રવિન્દ્ર બિહોલા પ્રથમ સ્થાને વિજેતા નીવડ્યા હતા, જેમને શાળાના વ્યાયામ શિક્ષક દલસંગભાઈ ચૌધરીનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

આ સઘળા ખેલાડીઓ જિલ્લાનું નેતૃત્વત કરવા રાજ્યકક્ષાની સ્પર્ધામાં જઈ રહ્યા છે ત્યારે શાળા પરિવાર અને ગ્રામજનો તરફથી તેમને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
ઍવરેસ્ટ (હિન્દી, ૩ડી)
સવારે ૯.૨૦, ૨.૪૦, ૫.૨૦, ૧૦.૪૦
ઍવરેસ્ટ (અંગ્રેજી, ૩ડી)
૧૨.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૨**
ઍવરેસ્ટ (હિન્દી)
સવારે ૧૦.૪૦
હીરો
૧.૧૫, ૭.૦૦
વૅલકમ બૅક
૪.૦૦, ૯.૫૦

**સ્ક્રીન-૩**
કટ્ટી બટ્ટી
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૪**
કટ્ટી બટ્ટી
સવારે ૯.૧૫, ૩.૧૫, ૯.૧૫
મેરઠીયા ગેંગસ્ટર્સ
૧૨.૧૫
ગુજ્જુભાઈ ધી ગ્રેટ (ગુજરાતી) ૬.૧૫

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કટ્ટી બટ્ટી
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
વૅલકમ બૅક
૧૦.૦૦
કટ્ટી બટ્ટી
૨.૦૦, ૪.૪૫, ૭.૩૦

**સ્ક્રીન-૪**
વૅલકમ બૅક
૭.૧૫
હીરો
૨.૧૫, ૧૦.૧૫
મેરઠીયા ગેંગસ્ટર
૧૨.૦૦, ૪.૪૫

**સ્ક્રીન-૫**
કટ્ટી બટ્ટી
૧૦.૦૦
વૅલકમ બૅક
૧.૦૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ (ગુજરાતી)
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

# ૧૦૦ દેશોનાં ૩૦ હજાર શહેરોમાં વર્ષે યોજાતી ૨૦ મિલિયન ઈવેન્ટની માહિતી હવે હાથવગી

## ગાંધીનગરના યુવાન ઋચિત પટેલ અને અમદાવાદના અમિત પંચાલની કમાલ : ઑલઈવેન્ટ્સ ડૉટ ઈન

આવો ચીલો ચાતરીએ
કુંતલ નિમાવત



'ગુજ્જુભાઈ ધ ગ્રેટ' નામની ગુજરાતી ફિલ્મ હાલ થિયેટર્સમાં ચાલી રહી છે એ સમાચાર તો આપણે જાણીએ જ છીએ, પરંતુ એની સાથે જોડાયેલા સમાચાર એ છે કે આ ફિલ્મના પ્રમોશનનું કામ ગાંધીનગરનો દીકરો સંભાળે છે.

જી હા, ઋચિત પટેલ નામનો યુવાન જેનું કાર્યાલય અમદાવાદ ખાતે છે અને એ જાણીને વાચકોને મજ્જા પડી જશે કે ઑલઈવેન્ટ્સ ડૉટ ઈન એ દુનિયાનું સૌથી મોટું ડિસ્કવરી પ્લૅટફૉર્મ છે!

પ્લૅટફૉર્મ વિશે વાત કરતા પહેલાં વાત ઋચિતની. ઋચિત એટલે ચંદ્રિકાબેન-અનિલભાઈ પટેલ (નિસર્ગ સાયન્સ સૅન્ટર)નો દીકરો. બાળપણથી જ એને ટૅકનોલૉજી તરફ આકર્ષણ. બાળ વૈજ્ઞાનિક તરીકે એણે ૧૦ વર્ષની વયે રાજ્યનો અને ૧૧ વર્ષની વયે રાષ્ટ્રીય ઍવોર્ડ પ્રાપ્ત કર્યો અને ૧૫ વર્ષની વયે તો પોતાના દ્વારા નિર્મિત સૉફ્ટવૅર પ્રૉડક્ટનું એણે વેચાણ કર્યું હતું. નેચર ફોટોગ્રાફી, વૉલીબૉલ, સંગીત અને અવકાશ દર્શનના રસિક ઋચિતે આ ઉપરાંત વિદ્યાર્થીકાળ દરમ્યાન અનેક ઈનોવેટીવ પ્રૉજેક્ટ્સ માટે વિવિધ સ્પર્ધાઓમાં ઈનામો જીત્યાં છે.

શેઠ સી ઍમ સ્કૂલમાં એણે અભ્યાસ કર્યો અને ઍલડીઆરપી ગાંધીનગર ખાતેથી ઈલૅક્ટ્રોનિક્સ ઍન્ડ કમ્યુનિકેશનમાં ઍન્જિનિયરીંગ પૂર્ણ કર્યું. એ પછી એણે પોતાના મિત્ર અમિત પંચાલ સાથે મળીને ઍમીટૅક બિઝનેસ સૉલ્યુશન નામની કંપની શરૂ કરી, જેણે અન્ય પ્રૉડક્ટ્સની સાથે આઈઓઍસ પ્લૅટફૉર્મ પર બે મ્યુઝીક ઍપ તૈયાર કરી. ટૉપ ૧૦૦ મ્યુઝીક ઍપમાં એમને સ્થાન મળ્યું.

પોતાના આ કાર્ય દરમ્યાન બંને મિત્રો એક-બે ઈવેન્ટમાં ગયા અને ઈવેન્ટ એમને ગમી. આવી પણ ઈવેન્ટ હોય છે અને ઈવેન્ટ ફિલ્ડમાં પણ કેરિયર બનાવી શકાય છે એવો વિચાર સ્ફૂર્યો ને એ દિશામાં વિચાર શરૂ કર્યો. ત્યારે એમને એવું ધ્યાન પર આવ્યું કે આગામી બધી જ ઈવેન્ટ્સ વિશે માહિતી મળી શકે એવું એક સૅન્ટ્રલ પ્લૅટફૉર્મ નથી. મતલબ કે એવું એક સ્થાન નથી જ્યાંથી બધી જ ઈવેન્ટની માહિતી મળી શકે. બસ, આ કમી પૂર્ણ કરવાનો એમનો પ્રયાસ એ આજે 'ઑલ ઈવેન્ટ્સ ઈન સિટી' નામથી સફળ થયો છે. ૨૦૧૧માં એમણે એક ઑનલાઈન વેબસાઈટ શરૂ કરી, નામ આપ્યું ઑલઈવેન્ટ્સ ડૉટ ઈન. અને આજે એ દુનિયાનું સૌથી મોટું ઈવેન્ટ ડિસ્કવરી પ્લૅટફૉર્મ છે, જેની મુલાકાત દર વર્ષે દુનિયાના ૩૦ મિલિયન લોકો લે છે. દુનિયાના ૧૦૦ દેશોના ૩૦ હજાર શહેરોમાં વર્ષભર યોજાતી ૨૦ મિલિયન જેટલી ઈવેન્ટ્સની માહિતી આ પ્લૅટફૉર્મ પરથી મળી જાય છે.

ઈવેન્ટ કોઈપણ હોય, એની માહિતી ઑલઈવેન્ટ્સ ડૉટ ઈન વિનામૂલ્યે સમાવે છે અને પ્રસારિત કરે છે અને એ પણ પાછી વિનામૂલ્યે. મતલબ કે ઈવેન્ટના આયોજકને કે ઈવેન્ટ શોધનારને આ પ્લૅટફૉર્મ પરથી માહિતી મેળવવા માટે કોઈપણ પ્રકારનો ચાર્જ ચૂકવવો પડતો નથી એટલે બંને પક્ષ છૂટથી એનો ઉપયોગ કરે છે. આમ, આ પ્લૅટફૉર્મ દ્વારા ઈવેન્ટ ઑર્ગેનાઈઝર્સ અને પ્રેક્ષકો વચ્ચેનું અંતર ખાસ્સું ઘટી ગયું છે.

ઋચિતને આનંદ તો એ વાતનો છે કે ઈવેન્ટના આયોજકો-પ્રેક્ષકો ઉપરાંત ઈવેન્ટને લગતી અન્ય બાબતોનો વ્યવસાય કરનારા લોકો પણ આ પ્લૅટફૉર્મનો ઉપયોગ કરીને પોતાના વ્યવસાયને સફળતાપૂર્વક ચલાવી રહ્યા છે.

પ્લૅટફૉર્મ પર એક રજિસ્ટ્રેશન માટેની ટૅગ આપી છે, જેના દ્વારા તમે તમારું લૉગ ઈન આઈડી પણ ક્રિએટ કરી શકો છો અને એ તમારા ફેસબૂક ઍકાઉન્ટથી આસાનીથી ઑપરેટ થઈ જાય છે. રજિસ્ટ્રેશન ન કરાવવું હોય તો પણ આ વેબસાઈટ ખોલીને માત્ર એમાં શહેરનું નામ નાખવાથી એ શહેરની આગામી બધી જ ઈવેન્ટ્સ વિશે માહિતી મળી જાય છે. એમાંય પાછું બિઝનેસ, કૉન્સર્ટ, ફૅસ્ટીવલ, મ્યુઝીક, સ્પૉર્ટ્સ એમ વિવિધ પ્રકાર, રસ પ્રમાણે ઈવેન્ટ શોધવી હોય તો એવાય પ્રકાર પાડેલા છે.

આ પૉર્ટલ માત્ર ઈવેન્ટની માહિતી પૂરી પાડે છે એટલું જ નહીં, તમારા રસની ઈવેન્ટમાં તમારા સર્કલનું કોણ-કોણ ભાગ લઈ રહ્યું છે, એની પ્રૉફાઈલ શું છે એ માહિતી આ પૉર્ટલ આપે છે અને પરસ્પર ચૅટીંગની સુવિધા પણ પૂરી પાડે છે. આ કારણે ઈવેન્ટને વધુ પ્રેક્ષકો મળવાની શક્યતાઓ વધી જાય છે.

અને છેલ્લે, ઈવેન્ટના ચાહકો અને મોબાઈલપ્રેમી યંગ જનરેશન માટે સૌથી અગત્યની બાબત : ઑલઈવેન્ટ્સ ડૉટ ઈનની મોબાઈલ ઍપ પણ તૈયાર છે, જેને વિનામૂલ્યે ગૂગલ પ્લે અથવા ઍપ સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકાય છે. પછી ચાહે એને ઈવેન્ટ સર્ચ ઍન્જિન તરીકે યુઝ કરો કે ચૅટીંગ માટે યુઝ કરો, ઈટ્સ ઑલ ફ્રી!



### સામાજિક જવાબદારી

ઑલઈવેન્ટ્સ ડૉટ ઈન દ્વારા અમિત-ઋચિતે માત્ર પોતાનો કે પોતાની કંપનીનો વિકાસ કરીને સંતોષ નથી માન્યો પરંતુ તેમણે કૉલેજ અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાણ કરીને વિદ્યાર્થીઓને વોકેશનલ ટ્રેનીંગ આપવાનો અભિગમ પણ કેળવ્યો છે. પોતાના સ્ટુડન્ટ ઍમ્બેસૅડર પ્રોગ્રામના માધ્યમથી તેણે દુનિયાનાં ૫૦ શહેરોમાં સ્ટુડન્ટ ઍમ્બેસૅડર તૈયાર કર્યા છે. આ ઉપરાંત કંપની ભુતાન ટુરીઝમ સાથે પણ તેની કલ્ચરલ ઈવેન્ટના પ્રમોશન માટે જોડાયેલી છે.

### ફિલ્મ પ્રમોશન

ઈ ટ્રાવેલ અને ટુરીઝમ કૅટેગરીમાં 'મંથન ઍવોર્ડ : સાઉથ એશિયા ઍન્ડ એશિયા પૅસિફિક ૨૦૧૨' પ્રાપ્ત કરનાર ઑલઈવેન્ટ્સ કંપનીએ નવા જમાનાની ઈવેન્ટ એવી ફિલ્મનું પ્રમોશન પણ શરૂ કર્યું છે. હાલ થિયેટર્સમાં ચાલી રહેલી ગુજરાતી ફિલ્મ ગુજ્જુભાઈ ધ ગ્રેટ ઉપરાંત પ્રેમજી, હિન્દી ફિલ્મ જાંનિસાર, માંઝી ધ માઉન્ટેન મૅન ઉપરાંત હૉલીવૂડની અંગ્રેજી ફિલ્મ મિશન ઈમ્પૉસિબલ-૫ માટે પણ તેણે ઑનલાઈન પ્રમોશનની જવાબદારી સંભાળી છે.

### સફળતા અંગેની ફિલ્મ

અમિત અને ઋચિતે ઑલઈવેન્ટ્સના માધ્યમથી જે અપ્રતિમ સફળથા પ્રાપ્ત કરી છે એનાથી અભિપ્રેરિત થઈને અમદાવાદના યુવાનોએ એક શૉર્ટ ફિલ્મ પણ બનાવી છે. ટૅંગો ફિલ્મ્સના બૅનર તળે 'માય ઈન્સ્પીરેશનલ સ્ટોરી' નામથી આ ફિલ્મનું નિર્માણ થયું છે, જેમાં અમિત-ઋચિતની સફળતા સુધીની યાત્રા નાટ્યાત્મક સ્વરૂપે દર્શાવાઈ છે અને અંતે, બંનેને સ્ક્રીન ઉપર દર્શાવીને એમના દ્વારા યુવા ઉદ્યોગસાહસિકોને સંદેશ પણ આપવામાં આવ્યો છે.

# ડભોડા હાઈસ્કૂલમાં જ્ઞાન સપ્તાહની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૨

જિલ્લાના ડભોડા ગામે કાર્યરત શ્રી ઍમ ઍચ વિદ્યામંદિરમાં જ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી, જે અંતર્ગત શિક્ષક દિન, સ્વચ્છતા અભિયાન, વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, મહેંદી સ્પર્ધા, કેશ ગૂંફન સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, ક્વિઝ, અંતાક્ષરી, ઘડિયાગાન, બોધવાર્તા, સાડીસ્પર્ધા, લગ્નગીત, ભજન, હળવું કંઠ્ય સંગીત, લોકગીત જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. પ્રથમ ત્રણ ક્રમે વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. સમગ્ર ઉજવણીનું સંચાલન હરેશભાઈ ખાચર, ચંદ્રકાન્ત પટેલ અને શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રીએ કાર્યક્રમની સફળતા બદલ વિદ્યાર્થીઓ, શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

# વિદ્યાર્થીઓ અને શિક્ષકોના નદીમાં સામુહિક ધુબાકા



વિદ્યાભારતી પ્રશિક્ષણ સંચાલિત શ્રી સરસ્વતી શિશુ વાટિકા અને પ્રાથમિક વિદ્યામંદિર દ્વારા વિદ્યાર્થીઓ માટે અંબોડનો પ્રવાસ યોજવામાં આવ્યો હતો, જે દરમ્યાન વિદ્યાર્થીઓ, શિક્ષકોએ સાથે મળીને નદીમાં ન્હાવાની મોજ માણી હતી.